# જનલોકપાલ માટે ‘આપ’ સરકારનું રાજીનામુ



**દિલ્હીમાં હાઈડ્રામા વચ્ચે અરવિંદ કેજરીવાલે અંતે રાજીનામું આપ્યું : જનલોકપાલ બિલને વિધાનસભામાં રજૂ કરવાની મંજૂરી ન મળી : અરવિંદ કેજરીવાલના રાજીનામા બાદ દિલ્હી વિધાનસભાના વિસર્જન માટે ‘આપ’ સરકારની ભલામણ : દિવસ દરમિયાન ધાંધલ ધમાલ અને બેઠકનો દોર : નજીબ જંગ સાથે સંઘર્ષ**

નવી દિલ્હી,તા.૧૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ભારે ધાંધલધમાલના દશ્યો વિધાનસભામાં સર્જાયા બાદ મોડી સાંજે રાજીનામું આપી દીધું હતું. આની સાથે જ કેજરીવાલ રાજીનામું આપશે કે કેમ તે અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. કેજરીવાલે મોડી સાંજે પક્ષના મોટી સંખ્યામાં કાર્યકરોની ઉપસ્થિતિમાં રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. આજે દિવસ દરમિયન હાઈડ્રામાની સ્થિતિ રહી હતી. જનલોકપાલ બિલને વિધાનસભામાં રજૂ કરવાની મંજુરી ન અપાતા રાજીનામું આપ્યું હતું. અરવિંદ કેજરીવાલ મોડી સાંજે પક્ષના હેડક્વાટર્સમાં કાર્યકરોને મળ્યા બાદ ઉપરાજ્યપાલ નજીબજંગને મળવા માટે રવાના થયા હતા. હવે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસનના ભણકારા વાગી રહ્યા છે. કેજરીવાલે કહ્યું હતુ કે, દેશના લોકો ભાજપ અને કોંગ્રેસને લોકસભાની ચુંટણીમાં બોધપાઠ ભણાવશે. કેજરીવાલે એમપણ કહ્યું હતું કે, દિલ્હી કેબિનેટે વિધાનસભાને વિખેરી નાખવા અને નવેસરથી ચુંટણી યોજવાની ભલામણ કરી છે. કેજરીવાલે કહ્યું હતું કે, જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

**આપણું પોતાનું અખબાર**

# ગાંધીનગર સમાચાર

ખુદીને છોડ્યા વગર ખુદા હાથ ન આવે
- અમૃત બિંદુ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૩૪ | ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૪, શનિવાર; મહા વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મનપામાં ૧૭મીથી સિવીક સેન્ટર

**પ્રથમ તબક્કામાં પાંચ પ્રકારની ફરિયાદો લેવાશે : ફરિયાદો એસએમએસ, વોટ્સઅપ અને હેલ્પલાઈન પર નોંધાવી શકશે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા લોકોની ફરિયાદના નિવારણ માટે સિવીક સેન્ટર આગામી સપ્તાહથી કાર્યરત કરાશે. આ સિવીક સેન્ટરનું મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે અને જિલ્લા કલેક્ટર વ ઈન્ચાર્જ મ્યુનિ. કમિશ્નર શ્રી પી. સ્વરૂપના હસ્તે ૧૭મીએ ખુલ્લુ મુકાશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાલ પાંચ પ્રકારની ફરિયાદોનું નિરાકરણ આ સીવીક સેન્ટરના માધ્યમથી કરવામાં આવશે. જેમાં કચરાના નિકાલ અંગે, રસ્તાની સફાઈ અંગે, કચરાના કન્ટેઈનર બાબત, મરી ગયેલા મૃત પશુઓના નિકાલ અંગે અને વેરાઓ બાબતેની ફરિયાદો નોંધવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર




## જે.જી. હિંગરાજીયા નવા મ્યુનિ. કમિશનર

**બનાસકાંઠા ડી.ડી.ઓ. બનાસકાંઠા કલેક્ટર બન્યા તો એચ.કે. પટેલ નવા ડી.ડી.ઓ. તરીકે નિમાયા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર તરીકે બનાસકાંઠાના કલેક્ટર શ્રી જે.જી. હિંગરાજીયાની વરણી કરવામાં આવી છે.

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આજે ૨૧ સનદી અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે જેમાં શ્રી હિંગરાજીયાની બદલીનો સમાવેશ થાય છે. શ્રી હિંગરાજીયા ટુંક જ સમયમાં નિવૃત્ત થનાર છે.

શ્રી હિંગરાજીયા અગાઉ અમદાવાદમાં ડે. મ્યુનિ. કમિશનર તરીકે પ્રશંસનીય સેવાઓ આપી ચુક્યા છે. આ ઉપરાંત પાટણ અને બનાસકાંઠા કલેક્ટર તરીકે પણ તેમણે સેવાઓ આપી છે.

બનાસકાંઠા કલેક્ટર તરીકે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.એસ. પટેલની નિમણુંક કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ચીયર્સ પેઈન હોસ્પીટલ

સતત ત્રણ વર્ષથી કાર્યરત

**પેઈન મેનેજમેન્ટમાં લેટેસ્ટ સારવાર**

એપોઈન્ટમેન્ટ જરૂરી

- શું તમે કોઈપણ પ્રકારનાં દુ:ખાવાથી લાંબા સમયથી પરેશાન છો ?
- કમરનો દુખાવો, સાયેટીકા (ગાદી ખસવી), કમરની ગાદીનો દુ:ખાવો વગેરે
- ગરદનો દુ:ખાવો : ગાદીનો દુખાવો, હાથે ખાલી ચઢવી, દુખાવો થવો
- કમરનાં મણકાનાં ઓપરેશન પછી પણ દુખાવો રહે છે ?
- ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા છે ? (ચહેરાના ભાગમાં કરંટ જેવો દુખાવો)
- ઘુંટણના ઘસારાનો દુખાવો - ફોઝન શોલ્ડર - કેન્સરનો દુખાવો - માથાનો દુખાવો

**આ બધાની સારવાર : ઓપરેશન વગર, માત્ર ઈન્જેક્શનથી, અર્ધો કલાકમાં રજા.**

cheers+ Interventional Pain Management

DR. ASHOK PATEL
Interventional Pain Specialist
MD (Anesth.)

DR. SHIRAZ MUNSHI
Interventional Pain Specialist
M. B. B. S. DNB (Fellow) FIPP

405, Swapneel-5, H. L. Commerce College Circle, Navrangpura, Ahmedabad-9. | Web : www.cheersipm.com
Ph. : +91 79 2646 5757 | Cell : 9898382799

**શ્રી ગણેશાય નમઃ**

## ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

અને

## અંબોડ-આનંદપુરા ગામ રાજપૂત સમાજ



# સત્તરમો સમૂહ લગ્નોત્સવ

# નિમંત્રણ

**લગ્ન સ્થળ**
શ્રી મહાકાળી મંદિર, મીની પાવાગઢ
મુ. અંબોડ (આનંદપુરા),
તા. માણસા, જી. ગાંધીનગર

**શુભ લગ્ન**
વિક્રમસંવત ૨૦૭૦ના મહા વદ - એકમ
રવિવાર તા. ૧૬-૨-૨૦૧૪
સમય : સવારે ૭ થી સાંજે ૫.૩૦ કલાક

મા જગદંબા તથા પરમકૃપાળુ ભગવાન શ્રી સોમનાથની અસીમકૃપાથી શ્રી મહાકાળી માતાની સન્મુખ અંબોડ ગામે સમસ્ત રાજપૂત સમાજના વડીલોના શુભાશિષથી સંવત ૨૦૭૦ મહા વદ - એકમને રવિવાર તા. ૧૬/૨/૨૦૧૪ના શુભ દિને ગાંધીનગર જીલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ આયોજીત ‘સત્તરમો સમૂહ લગ્નોત્સવ’માં પધારી નવદંપતિઓને આશીર્વાદ આપવા અમારૂ હાર્દિક આમંત્રણ છે.

| | | | |
|---|---|---|---|
| શ્રી વિક્રમસિંહજી સરદારસિંહજી ગોલ<br>પ્રમુખ<br>મુ. વાવોલ, તા.જી. ગાંધીનગર | શ્રી મહેન્દ્રસિંહજી અસરસિંહજી વાઘેલા<br>મહામંત્રી<br>મુ.પેથાપુર, તા.જી. ગાંધીનગર | શ્રી નટવરસિંહજી માધુસિંહજી વાઘેલા<br>કાર્યકારી પ્રમુખ<br>મુ. સરગાસણ, તા.જી. ગાંધીનગર | શ્રી રતનસિંહજી મનુભા વાઘેલા<br>અધ્યક્ષ (લગ્નસમિતિ)<br>મુ. કોલવડા, તા. જી. ગાંધીનગર |

**ગાંધીનગર જિલ્લા રાજપૂત સેવા ટ્રસ્ટ ગાંધીનગર કારોબારી સભ્યશ્રીઓ**

## નિમંત્રક : ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ તથા નવદંપતિના માતા-પિતા અને પરિવારજનો